| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૦૮/૦૬/૨૦૨૩ | | |
| દાખલ તારીખ | : | ૦૮/૦૬/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | : | ૧૪/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૧૧ | ૦૬ |

સત્યમેવ જયતે

## અંકલેશ્વરનાં મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. અંકલેશ્વર.

**ફોજદારી કેસ નંબર : ૩૨૦૪/૨૦૨૩**

**આંક :–**

**ફરીયાદી :** **શ્રીરામ ફાયનાન્સ લીમીટેડ નેત્રંગ શાખાના બ્રાંચ કલેકશન મેનેજર શ્રી ગૌરવભાઈ ધીરૂભાઈ વસાવા,**
રહે. નેત્રંગ ચાસવડ રોડ,શાંતિનગર,નેત્રંગ,
તા.નેત્રંગ,જી.ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :** **શ્યામકુમાર હરીવદન પાદરીયા,**
મેઈન બજાર, રાજપારડી,
તા.ઝઘડીયા,જી.ભરૂચ.

**ગુનો :** **નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

| |
|---|
| ફરીયાદી તરફે વિ. વ....... શ્રી એન.આર.પંચાલ |
| આરોપી તરફે વિ.વ........ શ્રી આર.ટી.પ્રજાપતિ |

**:: જજમેન્ટ ::**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી એ કંપની એકટ હેઠળ રજીસ્ટર્ડ કંપની છે અને તેઓની રજીસ્ટર્ડ ઓફીસ ચેન્નઈ મુકામે અને બ્રાંચ ઓફીસ ફરીયાદમા જણાવેલ સરનામે આવેલ છે. ફરીયાદી કંપની જરૂરીયાત મુજબના વ્યકિતઓને કાયદેસરની

કાર્યવાહી કરી લોન આપવાનો ધંધો કરે છે. આ કામના આરોપીને EICHER TERRA 16 FBT વાહન જેનો રજી નં. જીજે.૧૬.ડબલ્યુ.૯૬૦૪ ની ખરીદ કરવા માટે નાણાની જરૂર પડતા ફરીયાદી કંપનીની નેત્રંગ શાખામાથી જરૂરી લોન પેપર્સ તથા એગ્રીમેન્ટ નં. BHARU0206280012 ઉપર સહી કરી તા. ૨૯/૦૬/૧૨ ના રોજ રૂા. ૧૩,૫૦,૦૦૦/–ની લોન મેળવી ખરીદ કરેલ તેમજ આ કામના આરોપીને EICHER TERRA 16 FBT વાહન જેનો રજી નં. જીજે.૧૬.ડબલ્યુ.૦૬૦૪ ની ખરીદ કરવા માટે નાણાની જરૂર પડતા ફરીયાદી કંપનીની નેત્રંગ શાખામાથી જરૂરી લોન પેપર્સ તથા એગ્રીમેન્ટ નં. BHARU0604210014 ઉપર સહી કરી તા. ૨૨/૦૪/૧૬ ના રોજ રૂા. ૮,૦૦,૦૦૦/–ની લોન મેળવી ખરીદ કરેલ અને તે સમયે આરોપીએ લોનના નિયમિત હપ્તા ભરવાની જવાબદારી સ્વીકારેલ હોવા છતા લોનના હપ્તાની નિયમિત ભરપાઈ કરેલ નથી અને તેથી આરોપી પાસે ફરીયાદી કંપનીના રૂા. ૨૧,૩૮,૨૦૪.૮૬/– તથા રૂા. ૩૧,૬૫,૪૨૩.૬૯/– બાકી પડેલા અને તે રકમની વખતોવખત માંગણી કરતા આ કામના આરોપીએ ફરીયાદી કંપનીને તા. ૨૯/૦૩/૨૩ ના રોજ રૂા. ૧૧,૦૦,૦૦૦/– નો બેંક ઓફ બરોડા, સ્ટેશન રોડ ભરૂચ શાખાનો ચેક નં. ૦૦૦૦૩૪ નો લખી આપેલ અને તે ચેક બેંકમા રજુ કરતા ચુકતે વસુલ મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ. જેથી ફરીયાદી કંપનીએ તા. ૨૯/૦૩/૨૩ ના રોજ સદર ચેક તેઓના બેંક એચ.ડી.એફ.સી બેન્ક, અંકલેશ્વર શાખામા રજુ કરતા તા. ૩૧/૦૩/૨૩ ના રોજ **FUND INSUFFICIENT** ના શેરાથી પરત ફરેલો. જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે તા. ૨૪/૦૪/૨૩ ના રોજ આરોપીને નેગો કલમ ૧૩૮ મુજબની નોટીસ આપેલ જે નોટીસ તા.૨૫/૦૪/૨૩ ના રોજ આરોપીને મળી ગયેલ હોવા છતા આરોપીએ દીન ૧૫ મા ફરીયાદીને લેણી રકમ ચુકવી ન આપતા ફરીયાદીએ હાલની ફરીયાદ નેગો કલમ ૧૩૮ મુજબ અત્રેની કોર્ટમા દાખલ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ બજતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રી.પ્રો.કોડની કલમ– ૨૦૭ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૧ હેઠળ પ્લી નોંધી ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને ન્યાયિક કાર્યવાહીની માંગણી કરતાં ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

**(૩)** ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખીક પુરાવો**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગૌરવભાઈ ધીરૂભાઈની સોગંદ પરની જુબાની | ૪ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ ફરીયાદીને આપેલ અસલ ચેક | ૧૧ |
| ૨ | ફરીયાદીની બેંકે ચેક રીર્ટન થવા સંબંધી મોકલેલ રીર્ટન મેમો | ૧૨ |
| ૩ | ફરીયાદીએ વકીલ મારફતે આરોપીને મોકલાવેલ નોટીસ | ૧૩ |
| ૪ | ફરીયાદીએ આરોપીને રજી.પો.એડી.થી મોકલાવેલ પોષ્ટ ખાતાની સ્લીપ | ૧૪ |
| ૫ | આરોપીને નોટીશ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ | ૧૫ |
| ૬ | પાવર ઓફ એટર્નીની ખરી નકલ | ૧૬ |

ઉપરોકત પુરાવાઓ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવેલા નથી.

**(૪)** ત્યારબાદ, આરોપીપક્ષે પોતાના કેસના સમર્થનમાં કોઈ જ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ નથી.

**(૫)** ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે જેમા આરોપીએ પુછવામા આવેલ તમામ પ્રશ્નોનો નકારમા જવાબ આપેલ છે અને વિશેષમા જણાવેલ છે કે, સને ૨૦૧૨ ની સાલમા જે લોન લીધેલી તે વખતે ફરીયાદીએ તેઓની પાસેથી સહીવાળા કોરા ચેકો લખાવી લીધેલા હતા તેનો દુરૂપયોગ કરી તદન ખોટો કેસ કરેલ છે. તેઓને કોઈ રકમ આપવાની બાકી પડતી નથી.

**(૬)** **દલીલો :–**

ફરીયાદીના વિ.વકીલ શ્રી ધ્વારા મૌખિક દલીલો કરવામા આવેલ છે જેને ધ્યાનપૂર્વક સાંભળેલ છે.

ત્યારબાદ આરોપીના વિ.વકીલશ્રી ઘ્વારા આંક–૨૦ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લીધી.

(૭) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧** :– શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: નિર્ણય માટેનાં કારણો :–**

(૯) આ કામે ફરીયાદીપક્ષ તર્ફે ફરીયાદી મનોજકુમાર એલ.સીગનાઓએ **આંક–૪** થી સોગંદ ઉપરની સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં તેઓએ પોતાની આંક–૧ થી રજુ ફરીયાદની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. સદર ફરીયાદીની આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે," એ વાત ખરી છે કે, મને નિલેશભાઈ ઓડેદ્રા એ પાવર આપેલો અને તે અમારી કંપનીના જોઈન્ટ મેનેજીગ ડિરેકટર છે. એ વાત ખરી છે કે, નિલેશભાઈ ઓડેદ્રાને કંપનીના બોર્ડ ઓફ ડિરેકટરનાઓએ ઠરાવ કરીને પાવર આપવાની સતા આપી હોય તેવો કોઈ ઠરાવ રજુ થયેલ નથી. એ વાત ખરી છે કે, મે હાલની ફરીયાદ પાવર ઓફ એટર્ની તરીકે કરેલ હોય તેવો કોઈ ઉલ્લેખ ફરીયાદમા કરેલ નથી. હુ નવ વર્ષથી કંપનીમા નોકરી કરૂ છુ. એ વાત ખરી છે કે, આ લોન ટ્રાન્જેકશન ૨૦૧૪ મા થયેલ અને બીજુ ટ્રાંજેકશન ૨૦૧૬ મા થયેલ. એ વાત ખરી છે કે, ૨૦૧૪ ના લોન ટ્રાંજેકશન બાબતે મને કોઈ જાત માહિતી નથી

કારણકે હુ નોકરીમા ૨૦૧૫ માં જોઈન્ટ થયેલો. એ વાત ખરી છે કે, અમારી કંપની બેન્કની જેમ જ ચાલે છે અને તેમા અલગ અલગ વિભાગ આવે છે. અમારી ચેમ્બર અલગ છે. એ વાત ખરી છે કે, કંપની લોન ઉઘરાણી માટે માણસો રાખેલા છે. એ વાત ખરી છે કે, લોન ઉઘરાણીના પૈસા તેઓ જે તે દિવસે જમા કરાવી દે છે. એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત કોઈ લોન માટે ચેક આપે તે તેના ખાતામા સાંજે તેની નોધં કરવામા આવે છે. એ વાત ખરી છે કે, ફરીયાદવાળી લોન વાહનની લોન હતી. એ વાત ખરી છે કે, લોન કોઈ ના ભરે તો અમે વાહન જપ્ત કરીએ છીએ અને તે વાહન વેચીને જે પણ નાણા આવે તેના ખાતામા જમા બતાવીએ છીએ. એ વાત ખરી છે કે, આ કામે વાહન જમા લીધેલ છે. એ વાત ખરી છે કે, આ કામે વાહન વેચાઈ ગયુ છે. એ વાત ખરી છે કે, વાહન વેચાણના નાણાનો કોઈ ઉલ્લેખ ફરીયાદમા કરેલ નથી. લોન આપતી વખતે અમો ચુંટણી કાર્ડ, રહેઠાણનો પુરાવો તેમજ વાહનના પેપર્સ વિગેરે લઈએ છે. એ વાત ખરી નથી કે, કોઈ લોન ના ભરે તે માટે કોરા ચેક લેવામા આવે છે. એ વાત ખરી છે કે, આરોપીએ લોનના કેટલી રકમના કેટલા હપ્તા ભરવાના હતા તેનો કોઈ ઉલ્લેખ ફરીયાદમા કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ કેટલા હપ્તા ભરેલા છે અને કેટલા હપ્તા બાકી છે તેનો ઉલ્લેખ ફરીયાદમા કરેલ નથી. સવાલઃ આરોપીએ છેલ્લો હપ્તો કયારે ભર્યો તેની તમને ખબર છે?. જવાબઃ ના, સ્ટેટમેન્ટ જોઈને કહી શકુ. એ વાત ખરી છે કે, લોન ૨૦૧૪ અને ૨૦૧૬ ની છે અને ચેક ૨૦૨૩ માં નાખવામા આવેલો. એ વાત ખરી છે કે, ચેક બાબતે કોઈ લખાણ લેવામા આવેલ નથી."

**(૧૦)** પુરાવાના કાયદા અનુસાર જે પક્ષકાર જે હકિકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકિકત પુરવાર કરવાની જવાબદારી જે તે પક્ષકારના શીરે રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન દોરવું પડે છે તે માટે સૌ પ્રથમ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ નાં તત્વો પુરવાર થાય છે કે કેમ ? તે ધ્યાને લેવું પડે. હાલના કેસમાં તહોમતદાર વિરૂધ્ધનો આક્ષેપ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સંબંધનો મુકવામાં આવેલ છે. જેમાં સૌ પ્રથમ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ નાં તત્વો પુરવાર થાય છે કે કેમ ? તે ધ્યાને લેવુ પડે .

➢ **કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :**

સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને

નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને "બે વર્ષ" સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

➢ **કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :**

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ ચેક વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂઘ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

➢ કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :

એથી વિરુઘ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે :

**(ક) અવેજ વિષે** : દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**(ખ)તારીખ વિષે :** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

**(ગ) સ્વીકારના સમય વિષે :** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમા સ્વીકારવામાં આવ્યું હતું.

**(ઘ) તબદીલીના સમય વિષે :** કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

**(ચ) શેરાઓના ક્રમ વિષે :** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

**(છ) સ્ટેમ્પ વિષે:** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે :** કોઈ વટાઉખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે , તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**(૧૧)** આ કામે મુદ્દા નં–૧ ના સંદર્ભમાં જોવામાં આવે તો, મુદ્દા નં–૧ પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરીયાદપક્ષની છે. આરોપી સામેનું ફરીયાદીનું બાકી લેણું કાયદેસરનું વસુલ થવા પાત્ર છે અને તે કાયદેસરના વસુલ કરવાપાત્ર બાકી લેણાની ચુકવણી પેટે કે બાકી લેણાંની અંશતઃ ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલા છે અને તે ચેક અસ્વીકૃત થયેલ છે. તેમજ તે ચેક અસ્વીકૃત થયા બાદ આરોપીને તે અંગેની લેખીતમાં સાચા અને ખરા સરનામે જાણ કરવામાં આવેલ છે. તે હકિકત ફરીયાદીએ પુરવાર કરવાની છે. આ સંદર્ભે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષે પોતાની આંક–૧ વાળી ફરીયાદ હકિકતના સમર્થનમાં **આંક–૦૪** થી સોગંદ ઉપર લેખીત સરતપાસ રજુ કરેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે, ફરીયાદવાળો અસલ ચેક, ચેક રીટર્ન મેમો, ડિમાન્ડ નોટીસની સ્થળપ્રત, નોટીસ મોકલ્યાની પોસ્ટની પાવતી રજુ કરેલ છે. અત્રે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરેલ જોગવાઈઓ મુજબ ફરીયાદીએ હાલના કામે જે આવશ્યક તત્વો સાબિત કરવાના છે તે જોતાં ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ચેકમાં લખેલ તારીખે અથવા ચેકની વેલીડીટી પીરીયડમાં કે બે માંથી જે વહેલું હોય તે પ્રમાણે રજુ કરી દેવો જોઈએ.તેના અનુસંધાનમાં હાલના કામનો પુરાવો વંચાણે લેતાં, ફરીયાદવાળો તકરારી ચેક **આંક–૧૧ તા. ૨૯/૦૩/૨૦૨૩** ના રોજનો છે જે ચેક બેન્કમાં જમા કરાવતાં **તા.૩૧/૦૩/૨૦૨૩** ના રોજ બેન્કનાં રીટર્ન મેમોથી "ફંડસ ઈનસફીશીયન્ટ" ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરેલો છે, જેનો રીટર્ન મેમો **આંક –૧૨** થી રજુ થયેલ છે.

ચેક ધારણ કરનાર અથવા જે વ્યકિતના નામનો ચેક છે તેણે ચેકની રકમની માંગણી ચેક પરત ફર્યાની જાણ તેઓને થાય તેના ૩૦ (ત્રીસ) દિવસમાં લેખીતમાં ચેક આપનાર વ્યકિત પાસે કરવી જોઈએ. આ કામે ચેક પરત ફર્યા બાદ તે અંગેની ચેકના નાણાની માંગણી કરતી **આંક–૧૩** વાળી નોટીસ ફરીયાદપક્ષે આરોપીને **તા.૨૪/૦૪/૨૦૨૩** ના રોજ રજી.એ.ડી.

ધ્વારા મોકલેલી.વધુમાં હાલના કામે રજુ થયેલ **આંક–૧૧** વાળો તકરારી ચેક વંચાણે લેતાં તેના પેઈના કોલમમાં હાલના ફરીયાદી કંપનીનું નામ જણાઈ આવે છે. આમ, તકરારી ચેકના પેઈ હાલના ફરીયાદી હોવાનું જણાઈ આવે છે અને તેઓએ તકરારી ચેકના નાણાંની માંગણી કરતી નોટીસ આરોપીને મોકલેલી છે.

આમ, ફરીયાદીએ આરોપી પાસે કલમ– ૧૩૮ માં ઠરાવ્યા મુજબ ચેક પરત ફર્યા બાદ ચેકના નાણાંની માંગણી કરેલી છે તે હકિકત ફલીત થાય છે. આમ, ફરીયાદવાળો ચેક પરત ફર્યાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં ફરીયાદીએ આરોપીને ચેક પરત ફર્યાની જાણ લેખીતમાં કરી ચેકની રકમની માંગણી કરેલ છે તે હકિકત ફલીત થાય છે. તે પ્રમાણે નોટીસ મળી ગયેલાના પંદર દિવસમાં ચેક આપનારે ચેકની રકમ ચેક ધારણ કરનાર અથવા ચેકમાં લખેલ નામવાળી વ્યકિતને ચુકવી દેવી જોઈએ. જયારે હાલના કામે ફરીયાદીએ **આંક–૧૩ વાળી નોટીસ** આરોપીને મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ છે તે અંગેની **પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ આંક – ૧૫** થી રજુ થયેલ છે. આમ, આરોપીને નોટીસ મળ્યાના ૧૫ (પંદર) દિવસની અંદર રેકર્ડ મુજબ આરોપી ધ્વારા ડીમાન્ડ નોટીસ મુજબની કોઈ રકમ ફરીયાદીને ચુકવી આપેલાની હકિકત રેકર્ડ ઉપર નથી. આમ, ઉપરોકત તમામ પુરાવાઓના આધારે એ હકિકત સાબિત થાય છે કે, ફરીયાદ પક્ષ દવારા એકટની કલમ–૧૩૮(એ), (બી), (સી) મુજબના ત્રણેય તત્વોનું પાલન થયેલ છે. જેથી હાલનો કેસ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે.

**(૧૨)** આરોપી પક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ના કરે તો ત્યાં સુધી આરોપી વિરુઘ્ધ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે. **નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ૨૦૦૯ (૨) G.L,R ૧૨૪૦, મેસર્સ કુમાર એકસપોર્ટ વિરુઘ્ધ વિનોદ શર્મા** ના ચૂકાદામાં પેરા–૧૧ માં અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

> **para : 11.** The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on

the fact presumed and **when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over.** The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. **To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial.** The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under

Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...

ઉપરોકત ચુકાદાને માનપૂર્વક વંચાણે લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ઘ્યાને લેવું પડે.

**(૧૩)** સદર કામે રેકર્ડ ઉપર પ્રસ્તુત સમગ્ર પુરાવો ઘ્યાને લેતા આ કામના ફરીયાદીએ તેઓની ફરીયાદ અને આંક–૪ થી રજુ સોગંદ ઉપરની જુબાનીમા " તેઓના કાયદેસરના લેણા પેટે આરોપીએ આપેલ ચેક જે હાલના કામે આંક–૧૧ થી રજુ છે તે બેંકમા રજુ કરતા આરોપીના ખાતામા અુપરતા ભંડોળના કારણે ફરત ફરેલ અને ત્યારબાદ આરોપીને નોટીસ કાઢયા પછી કાયદામા વર્ણવેલ નિયત સમય મર્યાદામા આરોપીએ ફરીયાદમા જણાવ્યા મુજબ ચેકની રકમ ફરીયાદીને ચુકવી ન આપતા હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાની" હકીકત પર ભાર મુકવાનો પૂરતો પ્રયત્ન કરેલ છે. પરંતુ એકમાત્ર ફરીયાદીએ જણાવેલ હકીકતો પર આધાર રાખી હાલનો આંક–૧૦ થી રજુ તકરારી ચેક આરોપીએ ફરીયાદી કંપનીને તેઓના દેવા પેટે આપેલ હોવાનુ માની શકાય નહી. અત્રે આરોપી તરફે રેકર્ડ ઉપર લાવવામા આવેલ તથ્યો ઉપર પર પ્રકાશ પાડવાની આવશ્યકતા જણાઈ આવે છે. જે સંદર્ભે સૌપ્રથમ તો ફરીયાદીની આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ઘ્યાને લેતા " આ લોન ટ્રાંજેકશન ૨૦૧૪ મા થયેલ અની બીજુ ટ્રાંજેકશન ૨૦૧૬ મા થયેલ તેમજ ૨૦૧૪ ના લોન ટ્રાંજેકશન બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી કારણકે તેઓ નોકરીમા ૨૦૧૫ માં જોઈન્ટ થયેલા તેમજ ફરીયાદવાળી લોન વાહનની લોન હતી તેમજ લોન કોઈ ના ભરે તો તેઓ વાહન જપ્ત કરે છે અને તે વાહન વેચીને જે પણ નાણા

આવે તે તેના ખાતામા જમા બતાવે છે તેમજ આ કામે વાહન જમા લીધેલ છે તેમજ આ કામે વાહન વેચાઈ ગયુ છે તેમજ વાહન વેચાણના નાણાનો કોઈ ઉલ્લેખ ફરીયાદમા કરેલ નથી તેમજ આરોપીએ લીધેલ લોન બાબતના એગ્રીમેન્ટ તેમજ અન્ય ડોકયુમેન્ટનો કોઈ ઉલ્લેખ ફરીયાદમા કરેલ નથી તેમજ આરોપીએ લોનના કેટલી રકમના કેટલા હપ્તા ભરવાના હતા તેનો કોઈ ઉલ્લેખ ફરીયાદમા કરવામા આવેલ નથી તેમજ આરોપીએ કેટલા હપ્તા ભરેલા છે અને કેટલા હપ્તા બાકી છે તેનો ઉલ્લેખ ફરીયાદમા કરેલ નથી તેમજ લોન ૨૦૧૪ અને ૨૦૧૬ ની છે અને ચેક ૨૦૨૩ મા નાખવામા આવેલો " તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, આરોપીપક્ષ તરફે ફરીયાદીની કરવામા આવેલ ઉલટતપાસમાથી જે હકીકતો બહાર લાવવામા આવેલ છે તે મુજબ જે વાહન પેટે આરોપીએ ફરીયાદી કંપની  પાસેથી લોન લીધેલ હતી તે લોનની રકમ આરોપી ધ્વારા નિયમિત રીતે ભરવામા ન આવતા તે વાહન ફરીયાદી કંપનીએ જપ્ત કર્યા બાદ વેચાણ કરી દીધેલ હોવાનુ તો જણાઈ આવે છે. પરંતુ વાહન વેચાણ કર્યા બાદ વાહનની વેચાણમાથી ઉપજેલ રકમ આરોપીના લોન એકાઉન્ટમા જમા કરાવવામા આવેલ કે કેમ તે બાબતનો કોઈ જ ઉલ્લેખ ફરીયાદીએ તેઓની ફરીયાદમા કે સોગંદ ઉપરની જુબાનીમા કરેલ નથી. વધુમા અત્રે ફરીયાદીની આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ જોતા વાહન જપ્ત કર્યા બાદ વાહન વેચાણના નાણા ખાતામા જમા કરાવવામા આવતા હોવાની પ્રક્રિયાથી ફરીયાદી પુર્ણતઃ અવગત હોવાની હકીકતનો સ્વયં ફરીયાદી સ્વીકાર કરતા હોય અને તેમ છતા તેઓએ આરોપી પાસેથી કબજે કરેલ વાહનના વેચાણના નાણા આરોપીના લોન એકાઉન્ટમા જમા કરવામા આવેલ કે કેમ તે હકીકત તેમની ફરીયાદમા કે સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ ન હોય તો તે બાબત ફરીયાદપક્ષ સમક્ષ ગંભીર શંકા ઉપસ્થિત કરે છે. વધુમા ફરીયાદી કંપની આરોપી પાસેથી તેઓના બાકી લેણા પેટે વાહન જપ્ત કરીને લઈ ગયેલ હોવાની જે હકીકત ફરીયાદી ધ્વારા તેમના પુરાવામા જણાવવામા આવેલ છે તે સંદર્ભે જોવામા આવે તો ફરીયાદી કંપનીએ વાહન જ પ્ત કર્યા પહેલા આરોપીએ લોન પેટે કુલ કેટલી રકમના હપ્તા ભર્યા હતા અને વાહન જપ્ત કર્યા બાદ કુલ કેટલી રકમના હપ્તા ભરવાના બાકી હતા તે મુજબની ચોખવટપૂર્વકની કોઈ જ હકીકત પર પ્રકાશ પાડવામા આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમા સ્વયં ફરીયાદીએ પણ તેઓની આરોપીપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા આરોપીએ લોનના કેટલી રકમના કેટલા હપ્તા ભરવાના હતા તેમજ આરોપીએ કેટલા હપ્તા ભરેલા છે અને કેટલા હપ્તા બાકી છે તેનો ઉલ્લેખ ફરીયાદમા કરેલ નથી તે મુજબની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમા ફરીયાદીની કરવામા આવેલ ઉલટતપાસ મુજબનો જ બચાવ આરોપીએ તેઓની લેખિત દલીલોમા પણ લીધેલ છે.

આમ, ફરીયાદી કંપની કે જેઓ આવા પ્રકારના લોન અંગેની સમગ્ર પ્રક્રિયાથી પુર્ણતઃ અવગત હોવા છતા પણ જો તેઓ તેમના પુરાવામા જ "કુલ લોનની રકમ, લોનની રકમ પેટે લોનના કુલ હપ્તા, લોનની રકમના કુલ બાકી હપ્તા પૈકી ભરવામા આવેલ હપ્તા અને બાકી હપ્તા" જેવી આવશ્યક માહિતીનો જ ઉલ્લેખ કરતા ન હોય ત્યારે તે બાબત પણ ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે. ત્યારબાદ ફરીયાદીએ તેઓની ફરીયાદ અને સોગંદ ઉપરની જુબાનીમા રૂા. ૨૧,૨૮,૨૦૪.૮૬/– તથા રૂા. ૩૧,૬૫,૪૨૩.૬૯/– જેટલી રકમના હપ્તા બાકી પડેલ હોવાની હકીકતનો ઉલ્લેખ કરેલ છે. જયારે હાલનો આંક–૧૧ થી રજુ ફરીયાદવાળો ચેક રૂા. ૧૧,૦૦,૦૦૦/– ની રકમનો આરોપી ઘ્વારા ફરીયાદી કંપનીને આપેલ હોવાનુ ફરીયાદી ઘ્વારા જણાવવામા આવેલ છે. હવે, ઉપરોકત હકીકતના આધારે એકબાજુ તો ફરીયાદી કંપની કુલ રૂા. ૨૧,૨૮,૨૦૪.૮૬/– તથા રૂા. ૩૧,૬૫,૪૨૩.૬૯/– જેટલી રકમ આરોપી પાસેથી હપ્તા પેટે બાકી નીકળતા હોવાની હકીકત જણાવે છે. વળી, બીજી બાજુ આરોપી પાસેથી માત્ર રૂા. ૧૧,૦૦,૦૦૦/– ની જ રકમનો ચેક ફરીયાદી કંપની ઘ્વારા મેળવવામા આવેલ છે. સદર હકીકત પરથી તો અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, બંને વાહનોની કુલ બાકી રકમના લગભગ રૂા. ૪૧ લાખ ઉપરાંતની રકમ જે આરોપી પાસેથી ફરીયાદી કંપનીએ બાકી લેવાની નીકળે છે તે બાબતે ફરીયાદી કંપનીએ શુ પગલા લીધા? તે અન્વયે કોઈ જ સ્પષ્ટ, સચોટ અને વિશ્વસનીય ખુલાસો રેકર્ડ ઉપર કરવામા આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, ફરીયાદી કંપનીએ આરોપી પાસેથી ફરીયાદમા જણાવ્યા મુજબ વધારે રકમ લેવાની નીકળતા હોવા છતા માત્ર રૂા. ૧૧,૦૦,૦૦૦/– ની જ રકમ પુરતો ચેક લીધેલ તે બાબત પણ કયાંકને કયા શંકા ઉપસ્થિત કરે છે. વધુમા ફરીયાદીએ અગાઉ તેઓની ઉલટતપાસમા આરોપી પાસેથી કબજે કરેલ વાહન વેચાણ કરી દીધેલ હોવાની જે હકીકત જણાવેલ છે તેમાથી પણ અમુક શંકાશીલ પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાનુ જણાઈ આવે છે જેમ કે, શું તે રકમ ફરીયાદીના લોન ખાતામા જમા કરાવ્યા બાદ બાકી નીકળતી લેણી રકમ પેટે રૂા. ૧૧,૦૦,૦૦૦/– નો ચેક આરોપી પાસેથી લેવામા આવ્યો? એટલે કે શું ફરીયાદી કંપનીએ આરોપી પાસેથી રૂા. ૧૧,૦૦,૦૦૦/– જ લેવાના નીકળતા હતા અને બાકીની રકમ વાહન વેચાણ કર્યા બાદ આરોપીના લોન ખાતામા જમા કરાવવામા આવેલ હતી?. આમ, ઉપરોકત ઉપસ્થિત થયેલ પ્રશ્નો પરત્વે પણ કોઈ જ સંતોષકારક ખુલાસો રેકર્ડ ઉપર પ્રસ્તુત પુરાવાથી મળી આવતો હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, બચાવપક્ષ ઘ્વારા આ કાયદાની કલમ– ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરતી હકીકત રેકર્ડ પર લાવવામા સફળ રહેલ છે. જેથી આરોપીપક્ષ તરફથી લેવામા આવેલ બચાવોનેપક્ષની હકીકત ન

માનવાને કોઈ કારણ નથી. જયા સુધી ચેક ફરીયાદી પાસે કેવા સંજોગોમાં પહોંચ્યો અને ફરીયાદીનુ કોઈ કાયદેસરનુ લેણુ નથી તે સાબીત ન કરવામાં આવે ત્યા સુધી તકરારી ચેક કાયદેસરના દેવા પેટે આપવામા આવેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે.સદર કામે અગાઉ ચર્ચા કરેલ ચુકાદા અને તેમા દર્શાવેલ સિધ્ધાંતો હાલના કેસમા લાગુ પડતા ન હોય આરોપીએ નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનુ ફલીત થતુ નથી. આમ, આરોપીએ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ની જોગવાઈનો ભંગ કરેલ હોવા અંગેના સુસ્પષ્ટ આધારો હોવાનુ જણાઈ આવતુ નથી.

**(૧૪)** આમ, ઉપર મુજબ કરેલ સઘળી ચર્ચાના અંતે આરોપી પક્ષ પોતાનો બચાવ સફળ રીતે પુરવાર કરી શકેલ હોવાનુ જણાઈ આવતુ હોય અને ફરીયાદી તરફેના અનુમાનનું ખંડન થાય તેવો બચાવો રેકર્ડ ઉપર લાવવામા સફળ રહેલ હોય આરોપી પોતાની સામે પડેલ પુરાવાનું અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબના અનુમાનોનું ખંડન તેમજ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકવામા સફળ રહેલ છે. આમ તમામ હકિકતો પરથી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ના ગુના માટે તકસીરવાન ઠરાવવાનુ ન્યાયોચિત જણાતુ ન હોવાનુ અત્રેની અદાલતનું નમ્ર પણે માનવું છે. ઉપરોકત તમામ સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ કરેલા તમામા પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદીએ આ કામના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આમ, ઉપરોકત તમામ સંજોગોમાં હું મુદા નં.૧નો જવાબ "નકારમાં" આપું છું અને નીચે મુજબ હુકમ કરૂ છું.

## :: આખરી હુકમ ::

**(૧)** રેકર્ડ ધ્યાને લેતા સદર કેસ સી.આર.પી.સી. ૧૯૭૩ ની જોગવાઈઓ પ્રમાણેની કાર્યવાહી મુજબ ચાલેલ છે પરંતુ ત્યારબાદ તા.૦૧/૦૭/૨૦૨૪ થી ભારતીય નાગરીક સુરક્ષા અધિનિયમ અમલમાં આવેલ હોય જે ધ્યાને રાખી આ કામના આરોપી **શ્યામકુમાર હરીવદન પાદરીયા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૧) તથા બી.એન.એસ.એસ– ૨૦૨૩ ની કલમ– ૨૭૮(૧) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં નિર્દોષ ઠરાવવામાં આવે છે.

**(૨)** આરોપીના જામીન તથા જાતમુચરકા રદ ગણવાના રહેશે તથા અપીલ પીરીયડના સી.આર.પી.સી કલમ ૪૩૭(એ)તથા બી.એન.એસ.એસ ની કલમ–૪૮૧ ધ્યાને રાખી રૂા. ૧૫,૦૦૦/– ના જામીન તથા જાતમુચરકો આપવા હુકમ કરવામા આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૧૪/૦૫/૨૦૨૬<br>સ્થળ : અંકલેશ્વર | **(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**<br>એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,<br>અંકલેશ્વર<br>કોડ નં. GJ00664 |